મહત્તમ : ૨૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૦ ટકા
ગાંધીનગર તાપમાન

સિવિલનો એમઆરડી વિભાગ પાણીમાં ગરકાવ

એમઆરડી વિભાગની બાજુમાં સ્ટેશનરીનો સ્ટોલ હોવાથી લાખો રૂપિયાના નુકશાનની આશંકા, એક ડઝનથી વધુ નવા કોમ્પ્યુટર પણ સ્ટોરમાં હોવાની ચર્ચા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં સતત પાંચ દિવસથી વરસી રહેલા મેઘરાજાએ રોદ્ર સ્વરુપ ધારણ કરતા ગાંધીનગરમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે શહેરની હોસ્પિટલમાં ભોંયરામાં આવેલા એમઆરડી વિભાગ અને સ્ટોર્સ પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. હોસ્પિટલના એમઆરડી વિભાગમાં દર્દીઓનો જુનો રેકોર્ડ, એમએલસી કેસની વિગત હોય છે. ત્યારે વર્ષો જુના હજ્જારો દર્દીઓના રેકોર્ડ પાણીમાં નાશ પામે તેવી સ્થિતિ સર્જાઈ છે. જયારે બાજુમાં હોસ્પિટલનો સ્ટોર્સ પણ આવેલ છે. જેમાં એક ડઝનથી વધુ નવા કોમ્પ્યુટર પણ હોવાનું જાણવા મળેલ છે. ત્યારે સિવિલના સુપ્રિટેન્ડન્ટ પાણી ઓસર્યા બાદ જ નુકશાનીનો અંદાજ લગાવી શકશે. પરંતુ અતિ કિંમતી હોય તેવા રેકોર્ડને ભોંયરામાં રાખતા આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે લાખો રૂપીયાના નુકશાનની જવાબદારી કોના શિરે ..?

સમગ્ર ગુજરાતમાં મેઘરાજા મનમુકીને વરસી રહ્યા છે. બનાસકાંઠામાં મેઘરાજાએ ભારે તરાજી સર્જી દીધી છે. ત્યારે ગાંધીનગરમાં પણ સતત પાંચ દિવસથી વરસી રહેલા વરસાદે અચાનક બુધવાર મોડીરાતથી તોફાની બેંટીગ કરતા સવાર સુધીમાં શહેરના માર્ગો તેમજ રહેણાંક વિસ્તારમાં ઘુંટણસમા પાણી ભરાઈ જતા નગરજનોને ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ત્યારે હોસ્પિટલમાં પણ વરસાદે ભારે તારાજી સર્જી દીધી છે. સિવિલના ભોંયરામાં આવેલ એમઆરડી અને સ્ટેશનરી વિભાગ પાણીમાં ગરકાવ થઈ જતા સિવિલ સત્તાધિશ ચિંતામાં મુકાઈ ગયા છે. તો બીજી તરફ ભોંયરામાં ઘુસી આવેલ વરસાદી પાણી નિકાળવા માટે ફાઈટર મંગાવવામાં આવ્યું હતું. બપોરના ૧૨ કલાકે શરુ થયેલું ફાઈટર સાંજે ૫ વાગ્યા સુધીમાં પાણી નિકાળી શક્યું નથી ત્યારે મોડીરાત સુધી પાણી નિકાળવાની કામગીરી ચાલશે. પાણી નિકાળ્યા બાદ જ એમઆરડી વિભાગમાં રહેલી હજ્જરો દર્દીઓની તેમજ એમએલસી ફાઈલોને કેટલુ નુકશાન થવા પામ્યું છે તેની ખબર પડશે. ત્યારે એમઆરડી વિભાગની બાજુમાં આવેલ સ્ટોર વિભાગ કાર્યરત છે. જેમાં એક ડઝનથી વધુ નવા કોમ્પ્યુટર હોવાનુ જાણવા મળ્યું છે. તો આ કોમ્પ્યુટર પાણીમાં ગરકાવ થયા હશે તો નુકશાનીનો આંક પણ વધે તેવી શકયતાઓ છે. ગાંદલા, પલંગ, તિજોરી સહિતની સામગ્રી મોટીમાત્રામાં પડી રહેલી છે. ત્યારે અતિ મહત્વનો એમઆરડી વિભાગ ભોંયરામાં કાર્યરત રહેતા તંત્રને મોટી નુકશાની ભોગવવાનો વારો આવશે. પરંતુ ભોંયરામાંથી પાણી નિકળ્યા બાદ જ ખરી નુકશાનીનો અંદાજ તંત્રને ખબર પડશે.



વરસાદને પગલે જનજીવન પ્રભાવિત થવા સાથે અબોલ પશુ-પંખીઓ પણ ખોરાકના અભાવે મુશ્કેલીમાં મુકાયા છે. શહેરની જીવદયા પ્રેમી સંસ્થા શ્રીરામ ચેરિબેટલ ટ્રસ્ટ દ્વારા પક્ષી બચાવો અભિયાન અંતર્ગત, અબોલ પશુ-પક્ષી માટે શહેરના વિવિધ વિસ્તારમાં ખોરાકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પક્ષીઓ માટે ૫૦૦ કિલો બાજરી, ૫૦૦ કિલો જુવાર, ૫૦ કિલો સેવ તથા વાંદરા-કૂતરા માટે ૧ હજાર પારલે-જી બિસ્કિટના પેકેટ ખવડાવવામાં આવ્યા હતા.

સંગાથ ટેરેસીસ સોસાયટીએ ૩૩ હજારના ફુડ પેકેટસ રાહત કાર્યમાં મોકલ્યા

બીએસએનએલના એડવાઈઝર અજય વાઘેલા સહિત સોસાયટીના રહીશોનું પ્રસંશનીય કાર્ય

ગાંધીનગર, તા.૨૭

ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે તારાજી સર્જાઈ છે. બનાસ નદીમાં ઘોડાપુરને પગલે હજારો લોકો બેહાલ થયા છે તથા ખેતરા અને ઘરો સાથે પશુધનની પણ તબાહી થવા પામી છે. સંકટની આ સ્થિતિમાં ગાંધીનગરની જનતાએ પુરપિડિતો માટે ફુડપેકેટસ, પાણીના પાઉચ, દવાઓ વગેરે થકી રાહત સેવાની સરવાણી વહાવી છે. સરગાસણની સંગાથ ટેરેસીસ સોસાયટીના રહીશોએ સોસાયટીમાં રહેતા બીએસએનએલની એડવાઈઝરી કમિટિના સભ્યો અજય વાઘેલાના સૂચનથી રૂ. ૩૩ હજારનો ફાળો કરી તેના ફુડપેકેટસ બનાવડાવી બનાસકાંઠા ખાતે મોકલી આપ્યા છે.

ગાંધીનગરના અનેક નાગરિકો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બનાસકાંઠા ખાતે પુરગ્રસ્તોની મદદ માટે ફુડપેકેટસ મોકલવાનો સેવા યજ્ઞ હાથ ધરવામાં આવ્યો છે. બનાસકાંઠાના ડીસા વિધાનસભાથી ૪ વખત ચુંટાયેલા ધારાસભ્ય અને હાલના સાંસદ લીલાધર વાઘેલા દિલ્હી હોવા છતાં સતત પદાધિકારીઓ સાથે સંપર્કમાં રહી અસરગ્રસ્તોને વહેલી તકે મદદ પહોંચે તે માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. તેમના પ્રતિનિધિ તરીકે ફરજ બજાવતા પૌત્ર અજય વાઘેલા ગાંધીનગરના સંગાથ ટેરેસીસ ખાતે રહે છે. જેમણે સોસાયટીના લોકો સમક્ષ રાહત કાર્યમાં સહયોગ આપાનો પ્રસ્તાવ મુકયો હતો જેને સોસાયટીના રહીશોએ સ્વીકારી રૂ. ૩૩ હજારનો સ્વૈચ્છિક ફાળો એકઠો કરી તેના ફુડ પેકેટસ તૈયાર કરાવ્યા હતા. આ તમામ ફુડપેકેટસને કોબા ખાતેના ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમથી પહોંચાડવામાં આવતી રાહત સામગ્રી સાથે બનાસકાંઠા મોકલવામાં આવ્યા છે.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે યોજાનાર સેમિનાર હવે ૫ ઓગષ્ટે યોજાશે

ગાંધીનગર, તા.૨૭

નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ, કોલકાતા, ગુજરાત કાઉનસિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગરના ઉપક્રમે પ્રતિ વર્ષ પ્રાથમિક, માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે નેશનલ સાયન્સ સેમિનાર યોજાય છે.

'સ્વચ્છ ભારત-વિજ્ઞાન અને પ્રોદ્યોગિકીની ભૂમિકા સંભાવના અને પડકારો' આ વિષય પર સેમિનાર તા. ૨૯-૭-૨૦૧૭ને શનિવારના રોજ યોજાનાર હતો. જેમાં ૫૦ કરતા વધુ શાળાઓએ ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે. પરંતુ છેલ્લા ચાર દિવસથી પડતા સતત વરસાદના કારણે ઘણી શાળાઓમાં રજાઓ હતી. વિદ્યાર્થીઓ પૂરી તૈયારી સાથે આ સેમિનારમાં આવે તે સારુ હવે આ સેમિનાર તા. ૫-૮-૨૦૧૭ને શનિવારના રોજ ૯ થી ૧૨ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે રાખવામાં આવેલ છે. ઉપરોકત ફેરફારની નોંધ લેવા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જણાવવામાં આવે છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગર મહાનગરના કાર્યકરો દ્વારા બનાસકાંઠામાં વરસાદને પગલે તારાજી સર્જાઈ છે. અસરગ્રસ્તો માટે એ.બી.વી.પી.ના કાર્યકરો દ્વારા સે-૨૧, શોપીંગ સેન્ટર, લાયબ્રેરી, રીલાયન્સ ચોકડી સહિતના જાહેર સ્થળોએ કાર્યકરોએ ઉભા રહીને ફંડ એકત્ર કર્યું હતું.

અસરગ્રસ્તો માટે ગાયત્રી પરિવારની કીટમાં સહયોગ આપવા આહવાન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં પુરપિડિતો માટેના સેવાકાર્ય ધમધોકાર ચાલી રહ્યા છે. શહેરના સે-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે અસરગ્રસ્તો માટે કીટ તૈયાર કરવામાં આવી રહી છે. આ કીટમાં ઘઉંનો લોટ, બાજરીનો લોટ, ચોખા, ગોળ, તેલ, મીઠુ, મસાલા તથા જુના નવા પહેરી શકાય તેવા કપડાનો સમાવેશ કરાઈ રહ્યો છે. આ કીટ માટે સહયોગ આપવા ગાયત્રી પરિવાર દ્વારા શહેરની સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સેવાભાવી નાગરિકોને આહવાન કરવામાં આવ્યું છે. આ સદકાર્યમાં સહકાર આપવા સેકટર-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૨૩૨૪૨૦૧૫ અથવા મો.નં. ૯૪૨૭૬ ૦૫૨૬૫, ૯૯૭૯૦ ૯૮૭૯૧ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

સે-૨૩, સ્વામિનારાયણ મંદિર દ્વારા પુર અસર ગ્રસ્તોને સહાય

ગુજરાત રાજ્યમાં અતિભારે વરસાદના કારણે પુરગ્રસ્ત ગામોમાં નાગરિકોને પાણી અને ખોરાક મળી રહે તે માટે સ્વામિનારાયણ મંદિર, સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની પ્રેરણા અને શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠળ મંદિરના હરિભક્તો મળીને સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરી છે, જેથી પુર અસરગ્રસ્ત નાગરિકોને રોજીંદા જનજીવન જરૂરિયાત વસ્તુની જેવી કે શાકભાજી, લોટ, મરી-મસાલા, ખાંડ, દુધ પાવડર, તેલ, ચોખા, તુવેર દાળ, બટાકા, આદુ, ચા, બ્રશ વગેરે જેવી કુલ ૧૭ જાતની વસ્તુની અંદાજે ૫ કિલો વજન ધરાવતી ૫૦૦ કીટ મળી, કુલ ૨૫૦૦ કિલો વજનની કીટો ગાંધીનગર જીલ્લા પુરવઠા કચેરી ખાતે ડેપ્યુટી કલેકટરશ્રીને સમર્પણ કરાવીને જન લોકાર્હીતાર્થે સહયોગ આપ્યો છે.

અર્બન હેલ્થ સેન્ટર પાલજનું માનવતાભર્યું કર્તવ્ય

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના બોરીજ ગામમાં આજે સવારે પ્રસુતાને દુઃખાવો ઉપડતા મુશ્કેલીમાં મુકાઈ ગયેલ હતા. તેમના ઘરેથી હોસ્પિટલ જવા માટે ભારે વરસાદમાં જઈ શકાય તેમ ન હતું. આથી 'આશા' ઈલાબેન તેમના વહારે આવ્યા અને '૧૦૮'ને ફોન કર્યો પરંતુ ૧૦૮ પણ પાણીમાં પહોંચી શકી નહીં. જેથી 'આશા' બહેને મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડૉ. ડી.એન. બારોટનો સંપર્ક કર્યો હતો. આથી એમ.ઓ.એચ.શ્રીએ પોતાનું વ્હીકલ અને મેડીકલ ઓફિસર ડૉ. સુચી પટેલ અને સ્ટાફ નર્સ-ગીતાબેન પટેલ પાલજની ટીમને સ્થળ ઉપર મોકલ્યા જેથી પ્રસૂતાને ત્યાંથી ગાડીમાં લઈ અને સિવિલ હોસ્પટિલ ગાંધીનગર ખાતે તાત્કાલિક દાખલ કરવામાં સફળ રહેલ હતા. આ બાબતે બોરીજ ખાતે રહેતા રાધાબેન અમૃતભાઈ વણઝારા, ઉં.વ. ૨૮, છઠ્ઠીવાર પ્રસૂતા બનેલ હતા અને તેમની ડીલીવરીની તારીખ ૧-૮-૨૦૧૭ આપેલ હતી. પરંતુ આજ રોજ દુઃખાવો ઉપડતા ભારે વરસાદની પરિસ્થિતિમાં મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ગાંધીનગર મહાનગરપાલિકાની ટીમ દ્વારા ઉમદા કામગીરી કરી માનવતાનું કાર્ય કરેલ હતું.

આઈ લવ માય ગાંધીનગર

વિરલ ચૌહાણ

સ્વરામ્બિકા ઈન્ફોપ્રિન્ટ

ગાંધીનગર ગમે

હરિયાળી, સુંદરતા, સરળતા, સ્નેહ, કલા અને સંસ્કૃતિને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

નગરજનો

'આપ ભલા તો જગ ભલા' એવી માન્યતા ધરાવતા નગરજનો આ નગરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

આર્ષ-અક્ષરધામ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર સાહિત્ય સભા, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન અને રેડક્રોસ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા અને સગવડતા બાબતે વધુ કામ કરવાની આવશ્યકતા વર્તાઈ રહી છે.

નગર માટે હું કરી શકું

વ્યકિતત્વ વિકાસ અને રોજગાર અંગેના ઉપક્રમો માટે

આત્મન દ્વારા શ્રમજીવી પરિવારોને ફૂડ પેકેટનું વિતરણ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની સેવા સંસ્થા આત્મન્ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વરસાદથી અસરગ્રસ્ત પરિવારોની ચિંતા કરીને ફુડ પેકેટસનું શ્રમજીવી વસાહતો, છાપરામાં રહેતા પરિવારોને વિતરણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. આ આકાશી આફત સામે એક પ્રકારની સહજ લાચારી માનવીઓ અનુભવે છે. એમાં પણ જે પરીવારો રોજિંદું કામ કરી-મહેનત-છૂટક મજુરી કરી ગુજરાન ચલાવે, છાપરામાં રહેતા હોય તેમની હાલત વધુ કફોડી બની જાય છે. ત્રણ-ચાર દિવસથી સતત વરસાદ-તડકો નીકળ્યો જ ન હોય, કામકાજ પણ ઠપ્પ, ચૂલો પેટાવવાના લાકડાં ભીના હોય, છાપરાની આસપાસ પાણી ભરાયા હોય, ઘરમાં બે ચાર બાળકો-વડીલો હોય તેવા પરિવારોનો વિચાર આવતા આત્મન ફાઉન્ડેશનના મિત્રો-સહયોગીઓએ પ્રસાદ વિતરણનું કાર્ય અમલમાં મુકયું હતું. શ્રાવણ મહિનો, શિવજીની ભકિતનો મહિનો, શિવજીની ભકિત આ રીતે પણ થઈ શકે ને! પુસ્તક પરબના તથા અન્ય સેવાભાવી મિત્રો, અમદાવાદ-મુંબઈ વગેરેથી થોડા મિત્રોની આર્થિક સહાયનો હોંકારો... અને સેવા કાર્યની શરૂઆત થઈ. છેલ્લા ત્રણ દિવસથી સંસ્થા દ્વારા ગાંધીનગરની વિવિધ શ્રમજીવી વસાહતો, છાપરા વસાહતોમાં સવાર-સાંજ બંને સમયે મસાલા પુરી, મરચાં, સુખડી, થેપલા, મસાલા ખીચડી, બિસ્કિટ અને સૂકા નાસ્તાના પેકેટ વગેરેનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સવારે લગભગ ૧૫૦ ઉપરાંત અને સાંજે પણ લગભગ ૧૫૦ ઉપરાંત વ્યકિતઓ-પરિવારોને આ ફુડ પેકેટસ જાતે જઈને આપવામાં આવી રહ્યા છે.

આત્મન ફાઉન્ડેશનના ઉપક્રમે ચાલતા આ સેવાકાર્યમાં પુસ્તક પરબ તેમજ અન્ય મિત્રો પણ સહભાગી બન્યા છે. અશોકભાઈ ત્રિવેદી, આશા સરવૈયા, સંજય થોરાત, સ્વાતિ શુકલ, જયશ્રી ખેતિયા, શિલ્પા વોરા, સુધાબેન પટેલ, મમતાબેન રાવલ, પુલક ત્રિવેદી, પ્રજ્ઞા પટેલ વગેરે આ વિતરણમાં જોડાયા છે. જુદી જુદી શ્રમજીવી-છાપરાં વસાહતોમાં જઈને આ વિતરણ કરવામાં આવી રહ્યું છે. હજુ પણ વરસાદ ચાલુ રહે તો બીજા બે ત્રણ દિવસ સુધી સવાર-સાંજ આ મુજબ વિતરણ કાર્ય ચાલુ રાખવાનું સંસ્થાનું આયોજન છે.

@ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં આભલા દર્શનના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે ગિરિરાજ ઉપર શ્યામ ઘટાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ જયેશભાઈ દવે, ચ ટાઈપ, ૫૫/૮, સે-૨૮ ખાતે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના બિપીનભાઈ જાની એ-૩૦૧, વૈદેહી ફલેટ, વાવોલ ખાતે રાત્રે ૯ થી ૧૦ કલાક દરમિયાન યોજાશે.

● શ્રી રામધાવ વાવોલ ખાતે શ્રાવણ માસ નિમિત્તે ત્રાંબા પિત્તળના વાસણોના કલાત્મક હિંડોળાના દર્શન યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ ખાતે શિવ મહિમ્ન પાઠ મહેશભાઈ પી. પુરોહિત, પ્લોટ નં. ૬૬૬/૧, કિસાનનગર ખાતે યોજાશે.

વાતવાતમાં

● ગાંધીનગર ખાતેના એરફોર્સ સ્ટેશન સ્વાક દ્વારા બનાસકાંઠાના પુરગ્રસ્ત વિસ્તારમાં ૨૧ હેલિકોપ્ટર સાથે ૧૩૮ નાગરિકોને બચાવવામાં આવ્યા છે અને ૨૭૩૭૦ કિલો રાહત સામગ્રી પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર ખાતેના બીએસએફ, સીઆરપીએફ અને આર્મીના જવાનોએ પણ રાજયમાં વિવિધ પુરગ્રસ્ત વિસ્તારોમાં પ્રસંશનીય બચાવ કાર્ય કર્યું છે.

● ગાંધીનગરના સે-૭-ડીના કોમન પ્લોટમાં લીમડાનું તોતીંગ વૃક્ષ અને જુના સચિવાલય ખાતે બ્લોક નં. ૧૧ આગળ લીમડાના વૃક્ષની તોતીંગ ડાળી તુટીને પડી હતી. પરંતુ સદભાગ્યે બંને ઘટનાઓમાં કોઈ જાન-માલનું નુકસાન થવા નથી પામ્યું.

● શહેરમાં વરસાદના કારણે ઘ માર્ગ પર પાણીનો ભારે ભરાવો થવા પામ્યો હતો. જેથી બપોરે સે-૩ અને ૪ના રહીશો બાળકો સાથે વરસાદી પાણીની મજા માણવા રોડ પર ઉતરી આવ્યા હતા.

તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવાનો 'વિદ્યાર્થી સન્માન સમારંભ' કાર્યક્રમ ૨૦૧૭ તા. ૩૦-૭-૨૦૧૭, રવિવારના રોજ બપોરે ૩ કલાકે ખિમજી વિસરામ એન્ડ સન્સ હોલ, કડી શિક્ષણ સંકુલ, સે-૨૩, ગાંધીનગર મુકામે યોજાનાર છે. સન્માનપાત્ર વિદ્યાર્થીઓને આમંત્રણ પત્ર સાથે પરિવાર સહ બપોરે ૨.૩૦ કલાકે કાર્યક્રમના સ્થળે અચૂક ઉપસ્થિત રહેવા વિનંતી છે. સંસ્થા પરિવારના અન્ય આજીવન સભ્યોને પણ સમારંભમાં ઉપસ્થિત રહેવા પેન્શનર્સ સમાજનું હાર્દિક આમંત્રણ છે.

ચિરવિદાય

- સ્વ. પ્રકાશકુમાર ડાહ્યાજી ઠાકોર, ઉ.વ. ૨૪
- સ્વ. કાળીબેન કાળુસિંહ સોલંકી, ઉ.વ. ૬૦
- સ્વ. કેશરીસિંહ ફુલસિંહ સોલંકી, ઉ.વ. ૫૫
- સ્વ. કાજલબેન પ્રદિપજી મકવાણા, ઉ.વ. ૨૧